# બાયડ નગરપાલિકામાં ભગવો લહેરાયો

## ૧૭ બેઠકો સાથે ભાજપની ઐતિહાસિક જીત, કોંગ્રેસનો એકેય નેતા ફરક્યો નહીં : કોંગ્રેસમાં માતમ : બાયડ પાલિકામાં ભાજપનું બુલ્ડોઝર ફરી વળ્યું, કોંગ્રેસનો કચ્ચરઘાણ : કોંગ્રેસે સત્તા ગુમાવતાં બાયડના વિવિધ મંદિરોમાં ૧૦૦૦થી વધુ શ્રીફળ વધેરાયા..!!



**બાયડ પાલિકામાં વિજયી બનેલા ઉમેદવારો...**

| વોર્ડ નંબર | વિજયી ઉમેદવાર | પક્ષ |
|---|---|---|
| ૧ | પટેલ સ્નેહલકુમાર જગદીશભાઈ | ભાજપ |
| | પટેલ પ્રવિણકુમાર મણીલાલ | ભાજપ |
| | પટેલ કંચનબેન મુકુંદભાઈ | ભાજપ |
| | જોષી ભાવનાબેન અતુલકુમાર | ભાજપ |
| ૨ | પટેલ જ્યોતિકાબેન જતિનકુમાર | ભાજપ |
| | રાઠોડ જીજ્ઞાશાબેન સુનિલભાઈ | ભાજપ |
| | સોલંકી પ્રકાશભાઈ ઈશ્વરભાઈ | ભાજપ |
| | પટેલ કૈલાસબેન સુરેશભાઈ | કોંગ્રેસ |
| ૩ | પટેલ અશોકભાઈ લવજીભાઈ | ભાજપ |
| | પ્રજાપતિ અરવિંદભાઈ રેવાભાઈ | ભાજપ |
| | પટેલ ગાયત્રીબેન પ્રવિણભાઈ | ભાજપ |
| | પટેલ મીનાબેન મનહરભાઈ | ભાજપ |
| ૪ | પટેલ ચીમનભાઈ મણીભાઈ | કોંગ્રેસ |
| | પટેલ મૌનિકકુમાર ગીરીશભાઈ | કોંગ્રેસ |
| | પંચાલ ઉર્મિલાબેન કમલેશકુમાર | કોંગ્રેસ |
| | પટેલ પ્રેમીલાબેન રાજેન્દ્રભાઈ | કોંગ્રેસ |
| ૫ | પટેલ અરવિંદભાઈ જેઠાભાઈ | ભાજપ |
| | પટેલ સત્યજીત સુધીરભાઈ | કોંગ્રેસ |
| | વસાવા આશાબેન મનુભાઈ | ભાજપ |
| | મકસુદાબીબી ઝાકીરહૂસેન મિરઝા | કોંગ્રેસ |
| ૬ | પટેલ ભરતભાઈ સુરેશભાઈ | ભાજપ |
| | પટેલ હર્ષદભાઈ રેવાભાઈ | ભાજપ |
| | સોલંકી કૈલાસબેન મેહૂલકુમાર | ભાજપ |
| | ચૌહાણ રાધાબેન કિશનભાઈ | ભાજપ |



### કોંગ્રેસની શરમજનક હાર, ધારાસભ્ય જુઠ બોલવામાં અગ્રેસર

બાયડ : બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલે બાયડ પાલિકામાં કોંગ્રેસ ૨૪ માંથી ૨૪ બેઠક જીતવાનો દાવો કર્યો હતો પરંતુ મંગળવારે પરિણામ જાહેર થયું ત્યારે બાયડ પાલિકા વિસ્તારમાં કોંગ્રેસની શરમજનક હાર થઈ છે. ધારાસભ્ય જુઠ બોલવામાં અગ્રેસર હોવાનું સ્થાનિક મતદારોએ જણાવ્યું છે.

### હાશ, ત્રાસદાયક શાસનમાંથી છૂટકારો : પ્રજાએ સ્વયં મીઠાઈ વહેંચી

બાયડ : બાયડ પાલિકામાં પૂર્વ સત્તાધિશોના ત્રાસદાયક વહીવટથી પ્રજા અને વેપારીઓ ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. બાયડ પાલિકાની ૨૪ બેઠકોનું પરિણામ જાહેર થયું અને તેમાં ભાજપે સંપૂર્ણ બહુમતી સાથે બાયડ પાલિકામાં ભાજપનો ભગવો લહેરાવ્યાનું બહાર આવતાં જ બાયડ બસ સ્ટેશન વિસ્તાર, જૂના બસ સ્ટેશન અને બાયડ ગામમાં પ્રજાએ હાશ ત્રાસદાયક શાસનમાંથી છૂટ્યા..તેમ જણાવી સ્વયં મીઠાઈ વહેંચી ભાજપની જીતની ખુશાલી વ્યક્ત કર્યાનું જાણવા મળ્યું છે.

### બાયડ પાલિકામાં ભ્રષ્ટાચાર મુક્ત શાસન કરીશું : શહેર સંગઠન પ્રમુખ

બાયડ : બાયડ પાલિકા શહેર સંગઠન પ્રમુખ અને વોર્ડ નં.૧ માંથી ચૂંટાયેલા કોર્પોરેટર સ્નેહલભાઈ પટેલે જણાવ્યું હતું કે બાયડ પાલિકામાં અમે ભ્રષ્ટાચાર મુક્ત શાસન કરી બાયડ પાલિકા વિસ્તારને સર્વાંગી વિકાસથી સમૃદ્ધ બનાવીશું.

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૨

બાયડ નગરપાલિકાની ઐતિહાસિક ચૂંટણીનું પરિણામ આવતાં ભાજપનું રીતસરનું બુલ્ડોઝર ફરી વળ્યું છે. ૨૪ માંથી ૧૭ બેઠકો મેળવી ભાજપે બાયડ પાલિકામાં જીતનો નવો ઈતિહાસ રચ્યો છે. કોંગ્રેસનો કચ્ચરઘાણ નિકળી ગયો છે માત્ર ૭ બેઠકથી સંતોષ મેળવવાની નોબત આવી છે. બાયડ પાલિકામાં ભાજપનો ભગવો લહેરાતાં બાયડ બસ સ્ટેશનથી ગામ અને સુંદરપુરા, અદાનાછાપરા, અરજણવાવમાં રામ રાજ્યની સ્થાપના થઈ હોય તેવો હર્ષોલ્લાસ જોવા મળ્યો



હતો. બાયડ પાલિકામાં કોંગ્રેસે સત્તા ગુમાવતાં બાયડના વિવિધ મંદિરોમાં ૧૦૦૦થી વધુ શ્રીફળ વધેરાયાનું બહાર આવ્યું છે.

બાયડ પાલિકાની ચૂંટણી જાહેર થઈ ત્યારથી તત્કાલિન સત્તાધિશોની હીટલરશાહી સામે પ્રથમથી આક્રોશ જોવા મળ્યો હતો. ભાજપે તમામ જ્ઞાતિ અને પટેલ સમાજના કુટુંબોને ચૂંટણીના મેદાનમાં યોગ્ય પ્રતિનિધિત્વ આપ્યું. જ્યારે કોંગ્રેસનો પરિવારવાદને પોષ્યાનું જોવા મળ્યું હતું. તા.૨૮ ફેબ્રુઆરીએ બાયડ પાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે મતદાન યોજાયું ત્યારે મતદારોએ કચકચાવીને ૭૮ ટકા વિક્રમી મતદાન કરતાં કોંગ્રેસીઓની ઉંઘ હરામ થઈ ગઈ હતી. મંગળવારે સવારે જડબેસલાક સુરક્ષા પ્રબંધ વચ્ચે બાયડ હાઈસ્કુલમાં મત ગણતરી શરૂ થઈ ત્યારે પ્રથમ વોર્ડથી જ ભાજપે જીતનું બુલ્ડોઝર ફેરવી નાખતાં અનેક કોંગ્રેસી આગેવાનો મત ગણતરી સ્થળે આવવાની હિંમત કરી શક્યા ન હતા. જ્યારે મત ગણતરી સ્થળે પણ સર્વત્ર કમળ જ કમળ..ના કાર્યકર્તાઓ જોવા મળ્યા. બપોરે ૧૨-૩૦ કલાકે પરિણામ જાહેર થયા જેમાં ભાજપે ૨૪ બેઠકોમાંથી ૧૭ બેઠકો ઉપર ઐતિહાસિક વિજય મેળવી બાયડ પાલિકામાંથી કોંગ્રેસનાં મૂળીયાં ઉખેડી નાખ્યાં છે.

## બાયડ પાલિકાના જંગમાં પ્રવિણ પટેલનો વોર્ડ નં. ૧માં ભવ્ય વિજય

બાયડ પાલિકાના ઐતિહાસિક ચૂંટણી જંગમાં વોર્ડ નં.૧ ઉપર મુખ્ય રાજકીય પક્ષોની નજર ટેકવાઈ હતી. મંગળવારે વિજય મેળવીને પણ ઈતિહાસ રચ્યો છે. પ્રજાના કામ કરો, વિકાસના કામ કરો તો કોઈની તાકાત નથી તમને હરાવી શકે. સાથે પ્રવિણ પટેલને મેદાનમાં ઉતારવામાં આવ્યા. કોંગ્રેસે વોર્ડ નં.૧ માં જીત મેળવવા માટે દારૂ, પૈસાની રેલમછેલ કરી





પરિણામ જાહેર થયું ત્યારે ભાજપના પ્રવિણ પટેલનો વોર્ડ નં.૧ માં ૧૨૩૫ મત મેળવી ભવ્ય વિજય થતાં સમગ્ર મત વિસ્તાર સહિત બાયડના વેપારીઓ અને ઉદ્યોગકારોમાં ખુશાલી છવાઈ છે. કોંગ્રેસે પોતાના ચૂંટણી ઢંઢેરામાં પીળા પત્રકારત્વના આક્ષેપ કરી પ્રવિણ પટેલ ઉપર કાદવ ઉછાળવાનો પ્રયાસ કર્યો પરંતુ મતદારોએ પ્રવિણ પટેલ અમારા માટે શહેનશાહથી કંઈ કમ નથી..તે ફરી એકવાર સિદ્ધ કરી બતાવ્યું છે. બાયડ પાલિકાના ઈતિહાસમાં સર્વાધિક મતોથી ભ્રષ્ટાચારીઓ, કટકી કરનારાઓ એકમાત્ર પ્રવિણ પટેલથી જ ડરતા રહ્યા છે. બાયડ પાલિકાના તત્કાલિન સત્તાધિશોના ભ્રષ્ટાચારને પ્રવિણ પટેલે બાહોશીપૂર્વક ઉજાગર કર્યા હતા જેના કારણે બાયડ પાલિકામાં ભ્રષ્ટાચારની ગંગોત્રી ઉપર બ્રેક વાગી ગઈ હતી. બાયડ પાલિકાને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવા માટે પ્રવિણ પટેલે ફરી એકવાર બાયડ પાલિકાના જંગમાં ઝંપલાવવાનો નિર્ણય કર્યો. ભાજપ પાર્લામેન્ટ્રી દ્વારા વોર્ડ નં.૧ માં બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ સ્નેહલ પટેલ દીધી. એક તબક્કે તો ધમકીઓ આપવાનો સિલ સિલો શરૂ કરવામાં આવ્યો પરંતુ મતદારોએ કોંગ્રેસીઓની ગીધડ ધમકીથી ડર્યા વગર કચકચાવીને ભાજપ તરફી મતદાન કર્યું. વોર્ડ નં.૧ માં સતત ચોથીવાર ભાજપની આખે આખી પેનલ જીતવાનો રેકોર્ડ થયો છે એ સાથે જ પ્રવિણ પટેલે ઐતિહાસિક વિજય મેળવી તેમના વિરોધીઓના ગાલ ઉપર તમતમતો તમાચો મતદારોએ ઝીંકયા જેવી હાલત જોવા મળી છે.

### ગાંધીનગર સમાચાર રાજકીય વિશ્લેષણમાં અગ્રેસર

## બાયડ પાલિકામાં ૧૭ બેઠક સાથે ભાજપનો ભવ્ય વિજય, કોંગ્રેસનાં સૂપડાં સાફ

બાયડ પાલિકાની ચૂંટણીનું બ્યુગલ ફૂંકાયું ત્યારે એકમાત્ર ગાંધીનગર સમાચાર દ્વારા બાયડ પાલિકામાં ભાજપની ૧૬ થી ૨૦ બેઠકો આવશે તેવો ઠોસ દાવો કરવામાં આવ્યો હતો. દારૂ ઢીંચીને વાતો કરતા કોંગ્રેસીઓએ ગાંધીનગર સમાચારના અહેવાલને ખોટા ગણાવ્યા હતા પરંતુ પ્રજા અને મતદારોની રઘ પારખવામાં માહેર ગાંધીનગર સમાચારે જે કહ્યું તે પ્રમાણે જ ભાજપને બેઠકો મળી છે. કોંગ્રેસનાં સૂપડાં સાફ થઈ ગયાં છે. આ સાથે ગાંધીનગર સમાચાર એ પણ દાવો કરે છે કે પાછલા ૨ વર્ષમાં પાલિકામાં થયેલા અનહદ ભ્રષ્ટાચારનો પર્દાફાશ થશે અને કેટલાક કૌભાંડીયાઓ જેલના સળીયા પાછળ જાય તો નવાઈ પામવા જેવું નહીં હોય.

હકીકત લઈને નિકળેલો પોતે હકીકતને ભૂલી જાય છે. ૨૬ જાન્યુઆરી-૨૦૨૧ થી ગાંધીનગર સમાચાર સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની પ્રજાનો અવાજ બન્યું છે. રાજકીય આગેવાનોના કૌભાંડો, કચેરીમાં ચાલતા ભ્રષ્ટાચાર વગેરેને ઉજાગર કર્યા છે. માનવતાના કામ થતા હોય તો તેને પણ ગાંધીનગર સમાચારે યોગ્ય સ્થાન આપ્યું છે. બાયડ પાલિકામાં ભાજપનો ભગવો લહેરાશે તેવું એકમાત્ર ગાંધીનગર સમાચાર દૈનિક અખબાર જ છાતી ઠોકીને કહેતું હતું ત્યારે દિવસે દેશી અને રાત્રે ચૂંટણી દરમ્યાન વિદેશી દારૂ મફતમાં ઢીંચતા એક કોંગ્રેસના કહ્યાગરા દોઢ ડાહ્યાએ પોતાના ચૂંટણી ઢંઢેરામાં પણ અખબારના સમાચારમાં વિશ્વસનિયતા નથી..તેવું જણાવીને પોતાની બુદ્ધિનું દેવાળું ફૂકયું હતું. મંગળવારે પરિણામ જાહેર થયું ત્યારે બાયડના હજારો લોકોએ ગાંધીનગર સમાચારના અહેવાલ સચોટ છે. પાલિકામાં ૨૪માંથી ૧૭ બેઠકો ઉપર ભાજપનો વિજય થયો છે. અત્યારે તો કોંગ્રેસનો આ કહેવાતો હડબંગ બાયડમાં હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકાઈ ગયો છે.

# અરવલ્લી જિલ્લામાં ભાજપનો દબદબો, કોંગ્રેસના સૂપડા સાફ

## જિલ્લા પંચાયત અને ૬ તાલુકા પંચાયતમાં ભાજપનો ભવ્ય વિજય

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના સુનામી સામે કોંગ્રેસના અસ્તીત્વ સામે સવાલ પેદા થયા છે અરવલ્લીમાં જીલ્લા પંચાયત અને ૬ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો છે જયારે કોંગ્રેસનો કરૂણ રકાસ થયો છે અરવલ્લી જીલ્લા પંચાયતમાં અને તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પાસેથી ભાજપે સત્તા આંચકી લીધી છે અરવલ્લી જીલ્લા પંચાયતમાં અને ૬ તાલુકા પંચાયતમાં પુનરાવર્તન ના બદલે પરિવર્તન જોવા મળ્યું હતું કોંગ્રેસ પક્ષે ઈવીએમમાં છબરડો કરી ભાજપ જીત્યું હોવાના આક્ષેપ સાથે ધરણા કર્યા હતા

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પંજા પર ભાજપનું રોલર કોસ્ટર ફરી વળ્યું હોય તેમ ભાજપનો ભવ્ય વીજય થયો હતો જીલ્લા પંચાયતની ૩૦ બેઠકોમાંથી ૨૫ બેઠક પર ભાજપનો ભવ્ય વિજય થયો હતો ગત ટર્મમાં પાટીદાર આંદોલનની અસરના પગલે ૨૧ બેઠકો પર વિજય પ્રાપ્ત કરનાર કોંગ્રેસ ૫ બેઠકોમાં સમેટાઈ ગઈ હતી જીલ્લા પંચાયતમાં



ભાજપે કોંગ્રેસ પાસેથી સત્તા આંચકી લેતા કોંગ્રેસમાં સન્નાટો છવાયો હતો

મોડાસા તાલુકા પંચાયતમાં ૨૨ સીટ માંથી ભાજપ-૨૨,કોંગ્રેસ-૨ અને આમ આદમી પાર્ટી અને અન્યનો એક એક બેઠક પર વિજય થયો હતો મેઘરજ તાલુકા પંચાયતની ૨૨ સીટ માંથી ભાજપ-૧૪,કોંગ્રેસ-૭ અને અન્ય ઉમેદવાર એક બેઠક પર જીત મેળવી હતી ધનસુરા તાલુકા પંચાયતમાં ૧૮ બેઠકમાંથી ભાજપ-૧૬ અને કોંગ્રેસ બે બેઠક કબ્જે કરી હતી માલપુર તાલુકા પંચાયતની ૧૬ બેઠકમાંથી ભાજપ-૧૫ બેઠક પર અને એક બેઠક પર અપક્ષ ઉમેદવાર વિજેતા બન્યો હતો માલપુર તાલુકા પંચાયતમાં કોંગ્રેસ ખાતું પણ ખોલવી શકી નથી બાયડ તાલુકા પંચાયતમાં ૨૪ બેઠકોમાંથી ભાજપે ૨૧ બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો હતો કોંગ્રેસ ત્રણ બેઠક પર જીત મેળવી હતી જ્યારે ભિલોડા તાલુકા પંચાયતની ૨૬ બેઠકો માંથી ભાજપ -૧૪ ,કોંગ્રેસ-૧૧ અને અન્યને એક બેઠક મળી હતી